પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૯ | ૧૦ એપ્રિલ, ૨૦૨૨, રવિવાર; ચૈત્ર સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# વિક્રમી : ટેક્સ કલેક્શન ૨૭.૦૭ લાખ કરોડ

## ૨૦૨૧-૨૨માં દેશનું ટેક્સ કલેક્શન ઐતિહાસિક ૨૭.૦૭ લાખ કરોડ : વાર્ષિક દ્રષ્ટિએ ટેક્સ કલેક્શનમાં ૩૪ ટકાનો ઉછાળો, બજેટમાં અંદાજિત કરેલ ૨૨.૧૭ લાખ કરોડના આંકડા કરતા વાસ્તવિક કર વસૂલી ૫ લાખ કરોડ વધુ : કોરોના કાળમાંથી દેશની ઝડપી રિકવરી

નવી દિલ્હી, તા.૯

કોરોનાના કપરાકાળ બાદની રિકવરીમાં દેશમાં આર્થિક પ્રવૃતિઓમાં ઝડપી સુધારો જોવા મળ્યો છે. આ શાનદાર રિકવરીની અસર સરકારી તિજોરી પર પણ જોવા મળી છે. ૨૦૨૧-૨૨માં દેશનું કુલ ટેક્સ કલેક્શન ઐતિહાસિક ૨૭.૦૭ લાખ કરોડ થયું છે. વાર્ષિક દ્રષ્ટિએ ટેક્સ કલેક્શનમાં ૩૪ ટકાનો બમ્પર ઉછાળો જોવા મળ્યો છે.

રસપ્રદ વાત એ છે કે સરકાર દ્વારા બજેટમાં અંદાજિત કરેલ ૨૨.૧૭ લાખ કરોડના આંકડા કરતા વાસ્તવિક કર વસૂલી ૫ લાખ કરોડ વધુ છે. સરકારને આ ટેક્સની આવક કોર્પોરેટ ટેક્સ, કસ્ટમ ડ્યુટી અને જીએસટી દ્વારા પ્રાપ્ત થયા છે.



વાર્ષિક દ્રષ્ટિએ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૪૯% અને ઈનડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૩૦% વધ્યું છે તેમ સરકારે જણાવ્યું છે.

દેશના કુલ જીડીપીની સામે ટેક્સ કલેક્શનનો રેશિયો ૧૯૯૯ પછી ૨૩ વર્ષમાં સૌથી વધુ છે. રેવન્યુ સેક્રેટરી તરુણ બજાજે જણાવ્યું હતું કે જીડીપીની સામે ટેક્સ કલેક્શનનો રેશિયો ૧૧.૭ ટકા રહ્યો છે. ૨૦૨૦-૨૧માં તે ૧૦.૩% હતો. આ સમયગાળા દરમિયાન સરકારે ટેક્સમાંથી ૨૦.૨૭ લાખ કરોડની કમાણી કરી હતી.

ડેટા અનુસાર ગત નાણાકીય વર્ષમાં ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૪૯% વધીને બજેટ અનુમાન કરતા ૩.૦૨ લાખ કરોડ વધુ રૂ. ૧૪.૧૦ લાખ કરોડ, કોર્પોરેટ ટેક્સ કલેક્શન ૫૬.૧% વધીને રૂ. ૮.૫૮ લાખ કરોડ અને વ્યક્તિગત ટેક્સ આવક ૪૩ ટકા વધીને રૂ. ૭.૪૯ લાખ કરોડ રહી છે.

બજેટ અનુમાન ૧૧.૦૨ લાખ કરોડની સામે પરોક્ષ કર સંગ્રહનો વાસ્તવિક આંકડો વાર્ષિક દ્રષ્ટિએ ૨૦% વધીને રૂ. ૧૨.૯૦ લાખ કરોડ થયું છે. તેમાં કસ્ટમ ડ્યુટીનો હિસ્સો ૪૮% વધીને રૂ. ૧.૯૯ લાખ કરોડ થયો છે, જ્યારે કેન્દ્રીય જીએસટીનો હિસ્સો ૩૦% વધીને રૂ. ૬.૯૫ લાખ કરોડ થયો છે. જોકે આયાત ડ્યુટી સામાન્ય ઘટીને રૂ. ૩.૯ લાખ કરોડ થઈ હતી. આ દરમિયાન ૨.૪૩ લાખ કરદાતાઓને ૨.૨૪ લાખ કરોડ રૂપિયાનું રિફંડ પણ આપવામાં આવ્યું હતુ.

# ખાનગી હોસ્પિટલ્સમાં કોરોનાની રસી હવે ૨૨૫ રૂપિયામાં મળશે

## સરકાર સાથેની ચર્ચા બાદ રસી બનાવતી કંપનીઓની જાહેરાત : હવે કોવિશિલ્ડની નવી કિંમત ૬૦૦ રૂપિયાને બદલે ૨૨૫ રૂપિયા, કોવેક્સિનની કિંમત ૧૨૦૦ રૂપિયાને બદલે ૨૨૫ રૂપિયા હશે

નવી દિલ્હી, તા.૯

હવે ખાનગી હોસ્પિટલોમાં કોરોનાની રસી મેળવવી સસ્તી થશે. રસી ઉત્પાદકોએ કોવિશિલ્ડ અને કોવેક્સિનની કિંમતો ઘટાડવાનો નિર્ણય લીધો છે. કંપનીઓએ સરકાર સાથે ચર્ચા કર્યા બાદ આ પગલું ભર્યુ છે. ખાનગી હોસ્પિટલોને હવે કોવિશિલ્ડની નવી કિંમત ૬૦૦ રૂપિયાને બદલે ૨૨૫ રૂપિયામાં મળશે. તે જ સમયે, કોવેક્સિન (કોવેક્સિનની નવી કિંમત)ની કિંમત ૧૨૦૦ રૂપિયાને બદલે ૨૨૫ રૂપિયા હશે. સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (એસઆઈઆઈ)ના સીઈઓ અદાર પૂનાવાલાએ શનિવારે કોવિશિલ્ડની કિંમતની જાહેરાત કરી હતી. તેમણે માહિતી આપી હતી કે સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ ખાનગી હોસ્પિટલો માટે કોવિડશિલ્ડ વેક્સિનની કિંમત ૬૦૦ રૂપિયાથી ઘટાડીને ૨૨૫ રૂપિયા કરવાનો નિર્ણય લીધો છે.

પૂનાવાલાએ ટ્વીટ કરીને લખ્યું- 'અમને એ જાહેર કરતાં આનંદ થાય છે કે કેન્દ્ર સરકાર સાથે ચર્ચા કર્યા પછી, એસઆઈઆઈએ ખાનગી હોસ્પિટલો માટે કોવિશિલ્ડ રસીની કિંમત ૬૦૦ રૂપિયાથી ઘટાડીને ૨૨૫ રૂપિયા પ્રતિ ડોઝ કરવાનો નિર્ણય લીધો છે. અમે બધા ફરી એકવાર કેન્દ્રના આ નિર્ણયની પ્રશંસા કરીએ છીએ. આ પગલું એવા સમયે લેવામાં આવ્યું છે જ્યારે ૧૮+ પ્રિસ્ક્રિપ્શન ડોઝ લેવા જઈ રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# મુંબઈમાં પેટ્રોલ ૧૨૦ રૂપિયાને પાર

## ઓઇલ કંપનીઓએ ક્રૂડ ઓઇલની કિંમત ૧૦૦ ડોલર પ્રતિ બેરલ ઉપર જતાં કિંમતમાં વધારો શરૂ કર્યો છે : ૧૬ દિવસમાં ૧૪ વખત ભાવમાં વધારો કરાયો

મુંબઈ, તા.૯

ટીપે ટીપે સરોવર ભરાય તેની જેમ પેટ્રોલ-ડીઝલની કિંમત પણ ૮૦-૮૦ પૈસા કરીને રૂપિયામાં વધી રહી છે. દેશના મોટાભાગના શહેરોમાં પેટ્રોલે સદી ફટકારી દીધી છે. સરકારી ઓઈલ કંપનીઓએ ૨૨મી માર્ચથી ભાવ વધારાની શરૂઆત કરી હતી. જે બાદમાં અત્યારસુધી પેટ્રોલમાં ૧૦.૨૦ રૂપિયા પ્રતિ લીટરનો વધારો થઈ ચૂક્યો છે. જોકે, આજે સતત ત્રીજા દિવસે પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં કોઈ જ વધારો કરવામાં આવ્યો નથી. ઓઈલ કંપનીઓએ દેશની રાજધાની નવી દિલ્હી સહિત દેશના ચાર મહાનગરોમાં અને મુખ્ય શહેરોમાં પેટ્રોલ અને ડીઝલની કિંમત સ્થિર રાખી છે. દિલ્હીમાં પેટ્રોલની કિંમત હવે ૧૦૫.૪૧ રૂપિયા પર પહોંચી છે.



# દિલ્હી, હરિયાણા, કેરળ, મહારાષ્ટ્ર, મિઝોરમના પોઝિટિવિટી રેટથી ચિંતા : સ્વાસ્થ્ય મંત્રાલયે ૫ રાજ્યોને આપી ચેતવણી

નવી દિલ્હી, તા.૯

છેલ્લા બે વર્ષથી દુનિયા કોરોના મહામારીની દહેશત વચ્ચે જીવી રહી છે. અનેક દેશ ધીરે ધીરે નોર્મલ લાઈફ અપનાવવાની કોશિશ કરે છે. આ દેશમાં ભારત પણ સાલે છે. પરંતુ એકવાર ફરીથી દેશના ૫ રાજ્યોમાં કોરોનાના વધુ કેસ સામે આવી રહ્યા છે. જેને લઈને કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવે આ રાજ્યોને પત્ર લખ્યો છે. જેમાં કોરોનાના વધતા કેસ પર લગામ કસવાની સલાહ આપી છે.

આ પત્રમાં દિલ્હી, હરિયાણા, કેરળ, મહારાષ્ટ્ર અને મિઝોરમના પોઝિટિવિટી રેટ પર ચિંતા વ્યક્ત કરાઈ છે. આ સાથે જ જણાવવામાં આવ્યું છે કે કેરળમાં ગત સપ્તાહે ૨૩૨૧ નવા કેસ નોંધાયા છે. જે સમગ્ર દેશના કોરોના કેસના ૩૧.૮ ટકા છે. આ સાથે જ પોઝિટિવિટી રેટ ૧૩.૪૫ ટકાથી વધીને ૧૫.૫૩ ટકા થયો છે. મિઝોરમમાં ૮૧૪ નવા કેસ મળ્યા છે, જે સમગ્ર દેશના કેસમાંથી ૧૧.૧૬ ટકા છે. અહીં પણ પોઝિટિવિટી રેટ ૧૪.૩૮ ટકાથી વધીને ૧૬.૪૮ ટકા થયો છે.

॥ जय माता दी ॥ જગત જનની મહામાયા
શ્રી માતા વૈષ્ણો દેવી તિર્થધામ
ગાંધીનગર-સરખેજ હાઈવે, અમદાવાદ
૨૩મો વાર્ષિક પાટોત્સવ નીમીતે
શ્રી મહાયજ્ઞ
૧૧-૪-૨૦૨૨ સોમવાર, ચૈત્ર સુદ-૧૦
મહાયજ્ઞ — સવારે ૮ કલાકથી
અન્નકૂટ દર્શન — બપોર ૧૨ થી સાંજે ૬.૩૦
માતાજીનો ભંડાર (મહાપ્રસાદ) — સવારે ૯ થી સાંજે ૭
માતાજીની ચૌકી (ભજન-કિર્તન) આ વર્ષે મોકૂફ રાખેલ છે.
સર્વ ધર્મપ્રેમી જનતાને ભાવભર્યુ આમંત્રણ

હરીદ્વાર-મસુરી 3800/- રેલ્વે ટીકીટ સાથે ● ૪/૦૭/૨૦૨૨
દ્વારકા-સોમનાથ દિવ-સાસણગીર દિવસ ૪
નેપાળ પોખરા-બનારસ અલ્હાબાદ-છપૈયા
ચંપારણ્ય જગન્નાથપુરી કલકત્તા
ઉજ્જૈન દર્શન ઓમકારેશ્વર માંડવગઢ દિ-૩
નાશીક-શિરડી ત્રંબકેશ્વર શનિદેવ દિ. 3
સ્પેશ્યલ કેરાલા
કચ્છ-ભુજ-નારાયણ સરોવર માંડવી-માતાનો મઢ દિ-૩
જેસલમેર-જોધપુર રણુજા-તનોટમાતા
ગોવા સ્લીપર AC બસ મહાબળેશ્વર-લોનાવાલા
વૈષ્ણોદેવી-શિવખોડી પટનીટોપ-અમૃતસર
મહારાષ્ટ્ર-૫ જ્યોતિલીંગ પઢરપુર-તુલજાભવાની-શિરડી
રાજ ટ્રાવેલ્સ જિતેન્દ્રસિંહ બિહોલા આયોજીત
૮, અગ્રવાલ સેન્ટર, ઈન્કમટેક્ષ, અમદાવાદ 9879823309 9408619944

ઓર્ગેનીક ફાર્મીંગ એન્ડ કન્સલ્ટન્સીંગ



ઓર્ગેનીક કિચન ગાર્ડન એન્ડ ટેરેસ ગાર્ડન પ્લાન્ટેશન કરી આપવામાં આવશે.
કાચી ઘાણીનું ઓર્ગેનિક મગફળીનું તેલ મળશે.
ઓર્ગેનિક પ્રોડક્ટ્સ મેળવવા માટે કોન્ટેક્ટ કરો
70969 55791
સ્થળ : સેક્ટર-૨૮ ગાર્ડન, ગાંધીનગર
ઓર્ગેનિક ઘઉં માટેનું બુકીંગ ચાલુ છે

DEVSIDDHI Group
Walk – In Interview
A Leading Real Estate Company Invite smart candidates for Gandhinagar Project.
- Sales Executive (Male/ Female) — Candidate should have Minimum 3 years sales experience in Real estate field.
- Tele caller (Female) — Candidate should have Minimum 3 years experience in sales field.
- Front Desk Executive / Receptionist (Female) — Young & Smart Candidate With Min. 3 Years experience having pleasing personality with good communication skill and sound computer operational knowledge.
- Purchase Manager (Male) — Candidate should have Minimum 3 years purchase experience in Real estate filed.
- Digital Marketing executive (Male/ Female) — Candidate should have minimum 3 Years experience in Digital Marketing field.
- Site Supervisor (Male) — Candidate should have Minimum 3 years experience in Real-Estate field as Site-Supervisor.
- Accountant Cum Office Assistant — Candidate should have Basic knowledge of Accounts etc. & Knowledge of English & Guajarati typing, workable Computer knowledge.

Interested Candidates can Mail latest Resume with Passport size photo to
"nishthabuildcon@gmail.com"

St. Joseph's School
Khanusa
OFFERS
CRASH COURSES FOR :
NEET & JEE Mains
(English / Gujarati)
From 21th April, 2022
• On - Campus Teachers (English / Gujarati)
• Hostel Facility Available (Boys & Girls)
Cont : 8:30 am to 4:00 pm
8000054200, 9429317526
Vijapur-382870, Dist. Mehsana

TV રીપેરીંગ
Sony, LG, SAMSUNG, Panasonic
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

CHOOSE THE TRUSTED TECHNICAL EXPERTS
Geyser SERVICE Just 99 Repair NO VISIT CHARGE
RO SERVICE Just 99 Repair NO VISIT CHARGE
SUPER JET AC SERVICE Just Only Rs.299/-
Washing Machine SERVICE Just 99 Repair NO VISIT CHARGE
VASCO
Services At Your Doorstep
APPLIANCE Repair
M.94094 38600